PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/કવા–૦૧/૧૬–૧૭/ 5306 તા. 09/09/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાઘવભાઈ ગોરધનભાઈ અકબરી,
ગામ: શિશક,
વાયા: મોવિયા,
તા. કોટડા સાંગાણી
જી: રાજકોટ,

વિષય :–વીજભાર વધારા અન્વયે નવુ ટીસી મળવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૨–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૩/કવા–૦૧/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. :3.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/0

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| **કેસ નં. : સીજીઆરએફ : ૫૩/કવા–૦૧/૧૬–૧૭** | **કમિટિ મીટીગ તા.૨૯–૦૬–૧૬** | **સ્થળ :–રાજકોટ** |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: રાઘવભાઈ ગોરઘનભાઈ અકબરી,ગામ: શિશક,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી રાઘવભાઈ ગોરઘનભાઈ અકબરીહાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોડલ)**

**રજુઆત કરનાર :સી.કે.પટેલ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ગોડલ**

## : હુકમ :

**ફરીયાદ : વીજભાર વધારા અન્વયે નવુ ટીસી મળવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના ગામઃ શિશક ખાતે આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૫૬/૦૦૩૮૯/૧ (મીટર ટેરીફ– ૦૫ હોપા) જે – ટ્રાન્સફોર્મર સેન્ટરથી – એલ.ટી.લાઈન ના ૦૮ ગાળાઓ – એટલેકે ૦૮ થાંભલા પછી આવેલ છે. આ એલ.ટી. ની સર્કીટ પર વારંવાર વીજચેડા થતા હોય, જેથી, હૈયાત ટ્રાન્સફોર્મર વારંવાર બળી જાય છે. તેમજ, વારંવાર વીજપુરવઠા મા વિક્ષેપ પડે છે. આવા કારણોસર, તેઓએ તેમના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૫૬/૦૦૩૮૯/૧ ના, હૈયાત ૦૫ હોપા ના વીજભાર મા, વધારા ના ૦૫ હોપા નો વીજભાર વધારો મેળવી, તે મુજબ જોડાણ ને કુલ ૧૦ હોપા મુજબ નુ કરી, જેથી તેઓના કુલ ૧૫ હોપા ના વીજભાર માટે, સ્વતંત્ર ટ્રાન્સફોર્મર મળે, તે માટે તેઓએ રૂ.૨૦૦/– નોંધણીચાર્જ, જે રસીદ નંબરઃ૭૨૨૨૦૨ થી પીજીવીસીએલ મા ભરપાઈ કરી, તે મુજબ ૦૫ હોપાનો વીજભાર વધારા ની વિધીસર ની અરજી, તેઓએ તા.૨૫–૦૫–૨૦૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ ખાતે નોંધાવેલ છે. જેથી, તેઓને સ્વતંત્ર ટ્રાન્સફોર્મર હેઠળ, વીજભાર વધારો મંજુર થાય, તે માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી રાઘવભાઈ ગોરઘનભાઈ અકબરી ના તેમના ગામઃ શિશક ખાતે આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૫૬/૦૦૩૮૯/૧ (મીટર ટેરીફ– ૦૫ હોપા), મા હાલ ના વીજભાર ૦૫ હોપા મા વધારાના ૦૫ હોપા નો, વીજભાર વધારો મેળવી, અને જોડાણ ને કુલ ૧૦ હોપા નુ કરવા માટે ની તા.૨૫–૦૫–૨૦૧૬ ના રોજ, અરજદારે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી નોંધાવેલ હતી. સદર વીજભાર ની અરજી અન્વયે સ્થળ સર્વે કરતા જણાયેલ છે કે, સદર વીજગ્રુપ ના હૈયાત ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર થી – આશરે ૩૫૦ મીટર દુર – અરજદાર શ્રી નુ જોડાણ આવેલ છે. તેમ છતા, હાલ ના તબ્બકે, અરજદાર શ્રી ના સદર હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૫૬/૦૦૩૮૯/૧ ને પુરતા વોલ્ટેજ થી વીજપુરવઠો મળતો હોવાની બાબત પણ જણાયેલ હતી. આથી, અરજદાર શ્રી ની સદર વીજભાર વીજભાર વધારા ની અરજી પીજીવીસીએલ તરફથી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ વાળી વીજલાઈન ની સર્કીટ પર, આવેલ કુલ ૦૨ હૈયાત જોડાણો : (૧) શ્રી જાદવભાઈ ગોવિંદભાઈ –૦૫ હોપા અને (૨) અરજદાર શ્રી રાઘવભાઈ ગોરઘનભાઈ અકબરી – ૦૫ હોપા, એમ આ સર્કીટ પર ના કુલ ૧૦ હોપા ના વીજભાર માટે નુ, હૈયાત એવા ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર છે. અરજદાર ના જોડાણ મા વધારા ના ૦૫ હોપાનો વીજભાર વધતા, સર્કીટ પર નો કુલ વીજભાર ૧૫ હોપા નો થતા, સર્કીટ પર ના હૈયાત એવા ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને બદલી, અને નવુ ૧૬ કેવીએ નુ ટ્રાન્સફોર્મર લગાડી, – એ મુજબ સી–કેટેગરી હેઠળ, વીજભાર વધારો મંજુર કરાયેલ હતો. અને તે મુજબ અરજદાર ને સી–કેટેગરી મુજબ નુ, રૂ.૬,૮૭૫/– નુ ભાવપત્રક નં.૪૯૬૪, જે તા.૦૬–૦૬–૧૬ ના રોજ આપવામા આવેલ છે. જેથી, અરજદાર શ્રી તરફથી સદર ભાવપત્રક ની રકમ ભરપાઈ થયેથી, સદર જોડાણ મા, હૈયાત ટ્રાન્સફોર્મર ની ક્ષમતા ૧૦ કેવીએ ને બદલે ૧૬ કેવીએ મુજબ ની થતા અરજદાર શ્રી ના જોડાણ મા પુરતા વોલ્ટેજ થી વીજપુરવઠો મળી રહેશે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ પણ કરવામા આવશે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી રાઘવભાઈ ગોરધનભાઈ અકબરી ના તેમના ગામ: શિશક ખાતે આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૫૬/૦૦૩૮૯/૧ (મીટર ટેરીફ– ૦૫ હોપા), મા રહેતા વોલ્ટેજ ઘટની સમસ્યા ના નિવારણ માટે, તેમના હૈયાત જોડાણ ના હાલ ના વીજભાર ૦૫ હોપા મા વધારાના ૦૫ હોપા નો વીજભાર વધારો મેળવી અને જોડાણ નો કુલ વીજભાર ને ૧૦ હોપાનો કરવા માટે ની તા.૨૫–૦૫–૨૦૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી નોધાવેલ હતી. પીજીવીસીએલ મા નિયમાધીન પ્રણાલી અંતર્ગત, પ્રવર્તમાન સમયે, અરજદાર શ્રી એ માંગેલ વીજભાર અન્વયે થતા, જોડાણ ના કુલ વીજભાર ને આનુષાંગીક રહીને, કુલ વીજભાર ની ગણતરી અન્વયે ની યોગ્ય ક્ષમતા વાળુ વીજ ટ્રાન્સફોર્મર આપવાની જોગવાઈ છે. વીજભાર ની માંગણી સાથે, અરજદાર શ્રી ના જોડાણ નો કુલ વીજભાર ૧૦ હોપા થતો હોય, પ્રવર્તમાન સમય ની સદર જોગવાઈ મુજબ, અરજદાર શ્રી ના જોડાણ મા, ૧૦ હોપા ના વીજભાર ની ગણતરી એ થતા યોગ્ય ક્ષમતાનુ એવુ ૧૦ કેવીએ નુ ટ્રાન્સફોર્મર, જે ડી–કેટેગરી ની મંજુરી હેઠળ આપવાની બાબત નિયમાધીન જરૂરી હોવા છતા, પીજીવીસીએલ પક્ષકારે મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ના સદર ખેતીવાડી વીજજોડાણ ની સર્કીટ ના હૈયાત એવા ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને બદલાવી અને નવા ૧૬ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને લગાડવા સબબ ની, સી–કેટેગરી હેઠળ ની મંજુરી આપી અને, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી જે તા.૦૬–૦૬–૧૬ ના રોજ રૂ.૬,૮૭૫/– નુ ભાવપત્રક નં.૪૯૬૪ જે આપવામા આવેલ છે, પીજીવીસીએલ ની આ કાર્યવાહી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી અંતર્ગત નિયમાધીન અને યોગ્ય જણાયેલ નથી. |
| ૩.૨ | જેથી, સદર કેઈસ મા, અરજદાર શ્રી પાસેથી, વીજભાર વધારા માટે ની નવી અરજી ની નોધણી કર્યા વગર – એટલે કે, અરજદાર ની અગાઉ ની તા.૨૫–૦૫–૨૦૧૬ ના રોજ ની, નોધાયેલ, તેમના હૈયાત ખેતીવાડી વીજજોડાણ ના હૈયાત ૦૫ હોપા ના વીજભાર મા વધારા ના ૦૫ હોપા ના વીજભાર વધારા અન્વયે, અરજદાર ના સદર ખેતીવાડી વીજજોડાણ નો કુલ વીજભાર, જે ૧૦ હોપા નો થતો હોય, તે મુજબ ના વીજભાર વાળી અરજદાર શ્રી ની, તા.૨૫–૦૫–૧૬ ની અરજી ને ચાલુ રાખી – સદર અરજી અન્વયે અગાઉ અપાયેલ – હૈયાત ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને બદલે નવા ૧૬ કેવીએ ના ટ્રાન્સફોર્મર લગાડવા સબબ ની – સી–કેટેગરી હેઠળ ની મંજુરી રદબાતલ કરી – અને તા.૨૫–૦૫–૧૬ ની અરજદાર ની, તેમના હૈયાત જોડાણ ને કુલ ૧૦ હોપા ના વીજભાર વાળુ કરવા સબબ ની સદર તા.૨૫–૦૫–૧૬ ની અરજી ના અનુસંધાને, ફરી વખત – રીસર્વે કરી, માંગણી મુજબ ના કુલ ૧૦ હોપા ના વીજભાર અન્વયે ની ગણતરી એ આનુષાંગીક થતા એવા ૧૦ કેવીએ ની ક્ષમતા વાળુ, નવુ ટ્રાન્સફોર્મર, જે ડી–કેટેગરી ની મંજુરી હેઠળ, અરજદાર શ્રી ના જોડાણ ના સ્થળ ની નજીક જ ઉભુ કરવા સબબ ની, જે ડી–કેટેગરી હેઠળ ની મંજુરી અન્વયે ની તમામ કાર્યવાહી દિન–૧૦ મા પૂર્ણ કરી, અને અરજદાર ને ડી–કેટેગરી હેઠળ ની મંજુરી નુ રીવાઇઝ ભાવપત્રક, જે અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૫ મા આપી, અને તે મુજબ, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની કાર્યવાહી હેઠળ, અરજદાર ની સદર ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના હૈયાત જોડાણ ના હૈયાત ૦૫ હોપા ના વીજભાર મા, વધારા ની ૦૫ હોપા ની માંગણી અન્વયે, જોડાણ મા થતા કુલ ૧૦ હોપા ના વીજભાર ની, અરજદાર શ્રી ની મુળ તા.૨૫–૦૫–૧૬ ની અરજી ચાલુ રાખી, અને અરજદાર શ્રી ને સદર વીજભાર ની અગાઉ ની અપાયેલ સી–કેટેગરી હેઠળ ની મંજુરી રદબાતલ કરી, અને અરજદાર શ્રી ની તા.૨૫–૦૫–૧૬ ની સદર અરજી અન્વયે અગાઉ અપાયેલ – હૈયાત ૧૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને બદલે નવા ૧૬ કેવીએ ના ટ્રાન્સફોર્મર લગાડવા સબબ ની – સી–કેટેગરી હેઠળ ની મંજુરી રદબાતલ કરી – અને, ફરી વખત – રીસર્વે કરી, માંગણી મુજબ ના કુલ ૧૦ હોપા ના વીજભાર અન્વયે ની ગણતરી એ આનુષાંગીક થતા એવા ૧૦ કેવીએ ની ક્ષમતા વાળુ, નવુ ટ્રાન્સફોર્મર, જે ડી–કેટેગરી ની મંજુરી હેઠળ, અરજદાર શ્રી ના જોડાણ ના સ્થળ ની નજીક જ ઉભુ કરવા સબબ ની, જે ડી–કેટેગરી હેઠળ ની મંજુરી અન્વયે ની તમામ કાર્યવાહી દિન–૧૦ મા પૂર્ણ કરી, અને અરજદાર ને ડી–કેટેગરી હેઠળ ની મંજુરી નુ રીવાઇઝ ભાવપત્રક, જે અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૫ મા આપી, અને તે મુજબ, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની કાર્યવાહી હેઠળ, અરજદાર ની સદર ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના **૩૩% રકમ પીજીવીસીએલમાં** વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..